| | |
|---|---|
| દવો દાખલ કર્યા તારીખ | ૨૯/૧૧/૨૦૨૧ |
| દવો નોધ્યાં તારીખ | ૨૯/૧૧/૨૦૨૧ |
| મનાઇ અરજ ફેસલ કર્યા તારીખ | ૩૧/૦૧/૨૦૨૩ |
| દાવા અવધિ | <u>વર્ષ –માસ–દિવસ</u><br>૦૧ –૦૨– ૦૨ |

# વિજાપુર ના મે. બીજા એડીશનલ સીવીલ જજ સાહેબ શ્રીની કોર્ટમાં

<u>રે.દી.મુ.નં. ૭૦/૨૦૨૧</u>

વાદી : (૧) સથવારા ( કડિયા) લાભુભાઇ ભીખાભાઇ ઉ.આ.વ. ૬૫

(૨) સથવારા ( કડિયા) બળદેવભાઇ ભીખાભાઇ ઉ.આ.વ. ૫૮

(૩) સથવારા ( કડિયા) કનૈયાલાલ ભીખાભાઇ ઉ.આ.વ. ૫૪

તમામ રહે. વિજાપુર , તા.વિજાપુર,જી.મહેસાણા.

વિરુદધ

પ્રતિવાદી : (૧) સથવારા (કડિયા) અરવિંદભાઇબબાભાઇ

(૨) સથવારા ( કડિયા) હસમુખભાઇ બબાભાઇ

(૩) સથવારા ( કડિયા) રમેશભાઇ બબાભાઇ

**(૪) ઠાકોર રમેશભાઇ (માનવ ગૅરેજ)**

**(૫) અરણોજ એનસટરપ્રઇઝ–નાયી ગોપેશ રમણભાઇ**

**( ૬ ) પી.એમ.કે પરેશ મણીલાલ સથવારા**

**( ૭ ) સંગમ હેરસ્ટાઇલ–નાયી જ્યંતિભાઇ તોલારામ**

**તમામ પુખ્ત વય, તમામ રહે. મુ.તા.વિજાપુર,જી.મહેસાણા.**

**દાવો : દાવો રૂા. ૧૦૦૦/– ના આંક થી કાયમી તાકીદ મેળવવા તથા ડેકલેરેશન માટેનો.**

**વાદી તરફે વિ.વ.શ્રી : સંજયકુમાર એન. સાધું.**

**પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી : એમ.એસ.બુખારી**

## વાદીઓની આંક–૫ ની હંગામી મનાઈ હુકમ મેળવવાની અરજી નીચે હુકમ.

**(૧)** વાદીઓએ હાલનો દાવો દાખલ કરી, સી.પી.સી.ઓર્ડર–૩૯, રૂલ–૧, ૨ મુજબ આંક–૫ થી હંગામી મનાઈ હુકમ મળવા અંગેની અરજી દાખલ કરતા, અરજી વંચાણે લીધી. અરજીની હકીકત ધ્યાને લેતા વાદીએ દાદ માગેલ છે કે, મોજે વિજાપુર તા.વિજાપુર માં આવેલ સર્વે નં.૨૯૨ અને ૨૯૩ વાળી જમીન વાદીના મૈયત પિતા ભીખાભાઇ મગનભાઇ સથવારા નાઓ ને ગણોતધારા અન્વયે તા.૧૫/૧૨/૧૯૬૧ના રોજ થી સોંપવામાં આવેલ હતી તેઓ નુ તા.૦૧/૦૫/૧૯૮૧ ના રોજ અવસાન થતા સદર મિલ્કત વડીલોપાર્જીત વાદીઓની સંયુક્ત ભાગે આવેલ. વાદીનં.૧ ઘરમાં સૌથી મોટા હોય સર્વે નં.૨૯૨ વાળી જમીનમાં ઉત્તરે વાદવાળી દુકાનો બનાવવા સારુ નગરપાલિકા કચેરી વિજાપુરમાં બાંધકામની પરવાનગી તા.૦૧/૧૦/૧૯૮૪ ના રોજ મેળવેલ અને પાંચ દુકાનો અનુક્રમ નં.દુકાન નં.૧/૧૦૯/એ–૬,નં.૧/૧૦૯/એ–૭,નં.૧/૧૦૯/એ–૮,નં.૧/૧૦૯/એ–૯,નં.૧/૧૦૯/એ–૧૦, થી વાદીએ બનાવેલ છે સદર દુકાનો આકામના પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ ને ૩૦ વર્ષ ના કરાર થી વાપરવા માટે આપેલ હોય,સદર કરાર મુજબ ૩૦ વર્ષ નો સમય પુરો થઇગયેલ હોય સદર દુકાનો ખાલી કરી પ્રત્યક્ષ કબજો મેળવવા વાદીઓ એ પ્રતિવાદી નં.૧ થી ૩ ના

ઓને જણાવતા પ્રતિવાદીઓ નં. ૧ થી ૩ ના ઓ એ ખાલી કરી આપેલ નહિ.અને વાદી ને જાણવા મળેલ કે આકામના પ્રતિવાદી નં. ૧થી ૩ નાઓ એ પ્રતિવાદી નં.૪ થી ૭ નાઓને વાદ વાળી દુકાનો આપેલ છે તેમજ પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ એ ખોટી અને ગેરકાયદેસર રીતે વાદ વાળી દુકાનો ની આકારણી માં પોતાનુ નામ દાખલ કરાવેલ છે તેમજ વાદ વાળી મિલ્કતો( દુકાનો ) અન્યને વેંચી દેવાની તજવીજ કરી રહેલ હોય જેથી આકામ ના પ્રતિવાદીઓ વાદ વાળી મિલ્કતો( દુકાનો ) ના રેવન્યુ રેકોર્ડમાં કોઈપણ જાતનો ફેરફાર કરે કરાવે નહી કે દાવા તારીખથી અન્ય કોઇ ઇસમ ને ગીરો,વેચાણ,બક્ષીસ આપે અપાવે નહી તેવો હંગામી મનાઈ હુકમ આપવા માંગણી કરેલ છે.

(૨) ત્યારબાદ, આ કામે પ્રતિવાદીઓને વાદીઓના સદર દાવા તથા આંક-૫ ની અરજી અન્વયે સમન્સ/નોટીસ કાઢવામાં આવતા અને તેની યોગ્ય બજવણી થતા આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૭ ના ઓ તેઓના વિ.વકીલ શ્રી એમ.એસ.બુખારી નાઓ મારફતે કોર્ટ રૂબરૂ હાજર થઈ પ્રતિવાદી નંઈ ૧ થી ૩ નાઓ એ વાદીઓના દાવાનો તથા આંક-૫ ની અરજીનો લેખિત જવાબ આંક- ૮ થી રજુ કરેલ છે, તેમજ પ્રતિવાદી નં.૪થી ૭ નાઓ એ આંક-૧૧ ની પુરશીસ થી પ્રતિવાદી નં ૧ થી ૩ ના જવબ ને સમર્થન આપેલ હોય, તેઓએ જણાવેલ છે કે, વાદીના દાવાને પક્ષકારની ખામી છે અને દાવાને નોન જોઈન્ડર ઓફ પાર્ટી અને મીસ જોઈન્ડર ઓફ પાર્ટીનો બાદ છે. વદી કલીનહેન્ડ થી નામદાર કોર્ટ સમક્ષ આવેલ નથી, વાદીના દાવાને સમય મર્યાદાનો અને કોર્ટની હકુમતનો પણ બાધ છે, તેથી દાવો રદ થવાપાત્ર છે. વાદીનાદાવામાં પુરતો કોર્ટફી સ્ટેમ્પ ભરપાઈ થયેલ ના હોઈ વાદીના દાવામાં કાંઈ જ દાદ વાદીને મળી શકે નહીં. વધુમાં વાદીના દાવાની તથા આંક-૫ ની મનાઈ અરજીની હકીકતોનો મોટે ભાગે ઈન્કાર કરી ખરી હકીકત એવી હોવાનું જણાવેલ છે કે, વાદી તેઓના મોટા બાપા મૈયત સથવારા ભીખાભાઈ મગનભાઈ ના દિકરા કુટુંબી ભાઇ થાય છે . મોજે વિજાપુર તા.વિજાપુર માં આવેલ સર્વે નં.૨૯૩ એ.ગુ. ૩/૨૧ અને સર્વે નં. ૨૯૨ એ.ગુ. ૩/૦૦ વાળી જમીનનો વાદીના પિતા અને પ્રતિવાદીઓ ના પિતા વચ્ચે ભાઈઓભાગ

ની વહેંચણી તા.૧૮/૦૮/૧૯૭૧ ના રોજ રુપિયા ૩.૫૦/– ના સ્ટેમ્પ ઉપર થયેલ જેમા વાદીના પિતાના ભાગે ૨/૩ ભાગની જમીન તેમજ પ્રતિવાદી ના પિતાના ભાગે ૧/૩ ભાગની દરેક સર્વે નં ની ઉગમણી જમીન આવેલ અને તે મુજબ જમીન ના ભાલગા પણ પડેલ , આમ, પ્રતિવાદી ના પિતાશ્રી સ્વતંત્ર માલીક, કબજેદાર અને ભોગવટેદાર થયેલ. વધુમાં પ્રતિવાદીએ જણાવે છે કે વાદી ધ્વારા રુપિયા ૧૦/– ના અપુરતા સ્ટેમ્પ પર તા.૦૮/૦૩/૧૯૮૪ નો કાયદા અનુસાર નોંધાયા વગર નો ખોટો કરાર લેખ ઊભો કરેલ હોય,જેમા પ્રતિવાદી નં. ૧ થી ૩ ના મૈયત પિતાનની કોઈ સહિ ન હોય,પ્રતિવાદીએ ના માલીકી ની મિલ્કતો યેન કેન પ્રકારે ગેરવ્યાજબી દબાણ ઊભુ કરી પડાવી લેવા છીનવી લેવાનો વાદી ઓને કોઇ હક્ક કે અધિકાર નથી.વધુમા તેઓ જણાવે છે કે પ્રતિવાદી નં.૧ થી ૩ ના નામો વિજાપુર નગરપાલિકાના રેકોર્ડ આકારણી પત્રકે વર્ષોથી ચાલે છે. છેલ્લા ૧૨ વર્ષ ઉપરાંત થી કોઇપણ જાતની ડખલગીરી સિવાય વાદ વાળી મિલ્કતનો કબજો ભોગવટો હોય, વિરુધ્ધ કબજા (એડવર્સ પજેશન) થી પણ માલીક થયેલ હોય વાદી ઓનો દાવો રદ થવાને પાત્ર છે,વાદીઓનો દાવો ખોટો અર્થહિન અને નજીવોત્રાસદાયક હોય વિશીષ્ટ ખર્ચ તરીકે રુ.૨૫૦૦૦/– ની માગણી કરેલ છે વાદીઓને દાવામાં આખરી દાદા મળાવપાત્ર ન હોઈ વચગાળાની પણ કોઈ દાદ મળી શકે નહીં. વાદીઓનો કોઈ પ્રાયમાફેસી કેસ નથી કે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીઓના લાભમાં નથી કે વાદીઓને માંગણી મુજબનો કોઈ મનાઈ હુકમ મળી શકે નહીં. આમ ઉપરોકત તમામ હકીકતે વાદીઓનો દાવો તથા આંક–૫ ની અરજી ખર્ચ સાથે રદ કરવા અને પ્રતિવાદીઓને થયેલ ખર્ચ વાદીઓ પાસેથી અપાવવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૪) સદર કામે વાદીઓએ તરફે આંક– ૧૨ થી રીજોઈન્ડરડ એફીડેવીટ રજુ કરેલ છે.

(૫) આ કામે વાદીઓ તરફે, આંક–૪ ના દસ્તાવેજી લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી આધારો રજુ થયેલા છે.

- નિ.૪/૧ થી સર્વે નં. ૨૯૨ ના સને ૧૯૬૪–૬૫ થી સને ૧૯૭૨–૭૩ સુધીના ગામ નમુના નં ૭/૧૨ ના ઉતારા ની ઝેરોક્ષ
- નિ.૪/૨ થી ગામ નમુના નં ૯ ના ઉતારા ની ઝેરોક્ષ

- નિ.૪/3 થી એન.એ હુકમ ની ની ઝેરોક્ષ
- નિ.૪/૪ થી નકશાની ઝેરોક્ષ
- નિ.૪/૫ થી બાંધકામની ચીઠ્ઠી ની ઝેરોક્ષ
- નિ.૪/૬ થી વાદી ઓના પિતાના મરણ ના દાખલા લી ઝેરોક્ષ
- નિ.૪/૭ થી કીરાયા પાવતી ની ઝેરોક્ષ
- નિ.૪/૮ થી બ્રહ્માણી સોસાયટી–વિજાપુર ના નકશાની ઝેરોક્ષ
- નિ.૪/૯ થી કરાર લેખ ની ઝેરોક્ષ
- નિ.૪/૧૦ થી કડિયા સાંકુબેન ના મરણ ના દાખલા ની ઝેરોક્ષ
- નિ.૪/ ૧૧ થી પ્રિતવાદી ઓને વ.શ્રી મારફતે આપેલ નોટીસ ની ઝેરોક્ષ
- નિ.૪/ ૧૨ થી પ્રિતવાદી મોકલેલ નોટીસ ની આર.પી.એ.ડી નીઝેરોક્ષ
- નિ.૪/ ૧૩ થી પ્રિતવાદી મોકલેલ નોટીસ ની એકનોલેસમેન્ટ નીઝેરોક્ષ
- નિ.૪/ ૧૪ થી મિલ્કત નં. 10011/9/109/A/6 ના આકારણી પત્રક ની ઝેરોક્ષ
- નિ.૪/ ૧૫ થી મિલ્કત નં. 10011/9/109/A/7 ના આકારણી પત્રક ની ઝેરોક્ષ
- નિ.૪/ ૧૬ થી મિલ્કત નં. 10011/9/109/A/8 ના આકારણી પત્રક ની ઝેરોક્ષ
- નિ.૪/ ૧૭ થી મિલ્કત નં. 10011/9/109/A/9 ના આકારણી પત્રક ની ઝેરોક્ષ
- નિ.૪/ ૧૮ થી મિલ્કત નં. 10011/9/109/A/10 ના આકારણી પત્રક ની ઝેરોક્ષ

(૬) સદર કામે પ્રતિવાદી તરફે, આંક– ૧૯ ના દસ્તાવેજી લીસ્ટથી, નીચે મુજબના દસ્તાવેજી આધારો રજુ થયેલા છે.

- નિ. ૧૯/૧ થી સમજુતી કરાર ની ટ્રુ કોપી

- નિ. ૧૯/૨ થી વિજાપુર નગર પાલિકાએ આપેલ તા. ૦૮/૦૭/૨૦૨૧ ના રોજ નો જવાબ ની ઝેરોક્ષ
- નિ. ૧૯/૩ થી વિજાપુર તાલુકા સીવિલ કોર્ટ મા ચાલતા રે દિ મુ. નં. ૩૧/૨૦૨૧ ની દાવા અરજી ની પ્રમાણીત નકલ
- નિ. ૧૯/૩ થી વિજાપુર તાલુકા સીવિલ કોર્ટ મા ચાલતા રે દિ મુ. નં. ૩૧/૨૦૨૧ ની મનાઇ અરજી ની પ્રમાણીત નકલ

(૭) ઉપરોકત પક્ષ નિવેદનોના આધારે મારા નિર્ણય માટે નીચેના મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શુ વાદીઓ પુરવાર કરે છે કે, તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે?

(૨) શુ વાદીઓ પુરવાર કરે છે કે, સગવડતાની સમતુલા તેઓનાં લાભમાં છે ?

(૩) શું વાદીઓ પુરવાર કરે છે કે, તેઓને માગ્યા મુજબનો હંગામી મનાઈ હુકમ આપવામાં ના આવે તો તેઓને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જાય તેમ છે ?

(૪) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓ પરત્વે મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) નકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

(૯) આ કામે વાદી તરફે વિ.વ.શ્રી એસ.એન.સાધુ ધ્વારા આંક–૧૩ થી લેખિત દલીલો રજુ કરેલ છે જે વંચાણે લીધી તેમજ તેઓ મૌખિક દલીલો સાંભળી. જયારે પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી એમ.એસ.બુખારી ની મૌખિક દલીલો સાંભળી.

## –: કા ર ણો :–

**(૧૦) મુદા નંબર–૧ થી ૪ નું સંયુકત વિશ્લેષણ.**

આ કામે ઉપરોકત તમામ મુદાઓ એકબીજાને સંલગ્ન હોઈ પુનરાવર્તનનો દોષ ટાળવાના હેતુથી તમામની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

એ સર્વ માન્ય સિધ્ધાંત છે કે કામ ચલાઉ મનાઈ હુકમ એ સમન્યાયની દાદ છે અને સમન્યાયની દાદ મેળવવા માંગતી વ્યકિતએ કોર્ટ રુબરુ ત્રણ વસ્તુઓ તેમની તરફેણમાં સાબિત કરવાની રહે છે. આ ત્રણ વસ્તુઓમાં સર્વ પ્રથમ દાવામાં ગંભીર પ્રકારના પ્રશ્નો સંડોવાયેલા છે અને જે દાદ માંગેલ છે તે સબંધ પરત્વેની છે અને તેમાં કોર્ટની દરમ્યાનગીરીથી અત્યંત જરુરી છે, જો તેમ ન કરવામાં આવે તો વાદીને તેનો હકક પ્રસ્થાપીત થાય તે પહેલા નાંણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુંકસાન જવાની સંભાવના છે. સગવડતાની તુલા વાદીની તરફેણમાં છે અને મનાઈ હુકમ આપવામાં ન આવે તો સામા પક્ષ કરતા વાદીને વધુ આર્થિક નુંકસાન જાય તેમ છે.

(૧૧) કેવા સંજોગોમાં મનાઈ હુકમ આપી શકાય આ હકીકતે હવે દેશની જુદી જુદી નામદાર વડી અદાલતો તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતે આપેલા અસંખ્ય ચુકાદાથી અત્યંત સ્પષ્ટ થઈ ગયેલુ છે, જયારે કોઈપણ દાવામાં સોગંદનામા પરથી, અથવા બીજી રીતે એવુ સાબિત થાય કે દાવાના કોઈપણ પક્ષકાર દાવાની કોઈ પણ તકરાર મિલકત વેડફી નાખે, કોઈપણ મિલકતને નુંકસાન કરશે, અથવા તો મિલકત કોઈને આપી દેશે અથવા તો દાવામાં તકરારી મિલકત સંદર્ભે વાદીનો કબજો છોડાવી દેવાનો, અથવા તો બીજી રીતે વાદીને નુકસાન પહોંચાડવાની પ્રતિવાદી ધમકી

આપે ત્યારે હુકમ કરી ન્યાયાલયે એવુ કાર્ય થતુ અટકાવવા માટે કામ ચલાઉ મનાઈ હુકમ આપવો જોઈએ. અથવા તો દાવાનો નિકાલ થતા સુધી અથવા તો બીજો હુકમ થતા સુધી તે મિલકત વેડફાઈ જતી હોય તો, તેને નુંકસાન થતુ હોય તો, અન્યને આપી દેવાતી હોય તો કે વેચાણ કરવામાં આવતી હોય તો અથવા કોઈપણ રીતે તેનો નિકાલ થતો હોય તો તેવી કાર્યવાહી બંધ રખાવવા તથા અટકાવવા અથવા દાવામાની તકરારી મિલકતનો વાદીનો કબજો છોડાવી દેવા અથવા તો નુંકસાન પહોંચાડવા માટે પોતાને યોગ્ય લાગે તેવો બીજો હુકમ કરી શકશે. કામ ચલાઉની આ દાદ સમન્યાયની દાદ છે. તેનો મુખ્ય ઉદેશ પક્ષકારો વચ્ચેની તકરારનો નિકાલ ન થાય ત્યાં સુધી દાવાની વિષય વસ્તુની યથાવત પરિસ્થિતિ રાખવાની છે. આ સાથે એ હકીકત પણ એટલી જ જરુરી છે કે વચગાળાની દાદના તબકકે આખરી દાદ મંજુર કરવા સમાન વચગાળાની દાદ મંજુર કરવી ન જોઈએ. વચગાળાનો મનાઈ હુકમ આપતી વખતે કોર્ટે અમુક સજોગોને ધ્યાનમાં લેવા જોઈએ.

**(૧૨)** જો વાદીને મનાઈ હુકમ આપવામાં ન આવે તો યોગ્ય અને વ્યાજબી નિર્ણય કરવામા બાધ આવે અને તેનાથી અન્ય પક્ષકારોને કોઈ અગવડતા પડવાની ન હોય તો ન્યાયના હીતમાં મનાઈ હુકમ આપવો જોઈએ. આ હકીકતો/પુરાવાનો બોજો વાદી પર લાદવામાં આવેલ છે. અને વાદીએ સોગંદનામાથી અથવા બીજી રીતે સીધ્ધ કરવાનુ છે કે પ્રથમ દર્શનીય કેસ તેમની તરફેણમાં છે. એ હકીકત સ્વિકાર્ય છે કે પ્રથમ દર્શનીય હકકની સાથે પ્રથમ દર્શનીય કેસની મુલવણી કરવાની નથી. પ્રથમ દર્શનીય હકક કે જે કેસના અંતે પ્રસ્થાપીત થાય છે. પરંતુ પ્રથમ દર્શનીય કેસ છે તેમ માત્ર સીધ્ધ કરવાથી વાદી આપોઆપ કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા પાત્ર ઠરતા નથી. પરંતુ વાદીએ કોઈને એ સંતોષકારક રીતે સિધ્ધ કરવાનુ રહે છે કે કોર્ટની બીનદખલ અંદાજીના પરીણામે વાદીને નાંણામા ન ચુકવી શકાય તેવુ નુંકસાન જવાની પુરેપુરી સંભાવના છે. આ હકીકતથી કોર્ટે એ પ્રશ્નનો પણ વિચાર કરવાનો રહે છે કે પ્રતિવાદીને કાયદાથી

મળેલ અધિકારોનો અવરોધ કરવો આ બહુજ ગંભીર બાબત છે અને મનાઈ હુકમનો કોઈ નિર્ણય કરતા પહેલા અન્ય પક્ષકારોને થનાર નુંકસાન અને પડનારી હાલાકીનો પણ વિચાર કરવાનો રહે છે. કામ ચલાઉ મનાઈ હુકમની દાદ આપતી વખતે એ પણ જોવાનુ રહે છે કે દાદ આખરી દાવાના દાદના સ્વરુપની ન હોવી જોઈએ, કારણ કે આખરી દાદ દાવાના અંતે આપી શકાય, અથવા ન પણ આપી શકાય, જયારે પક્ષકારો પોત પોતાના હકકો અંગે લડતા હોય અને તેમણે પોતાના હકકો સ્થાપીત કર્યા ના હોય તેવા વચગાળાના તબકકે વચગાળાની દાદ સાથે દાવો મંજુર થઈ જતો હોય તેવી દાદ પણ આપી શકાય નહી. આ તમામ સંજોગોને ધ્યાને લઈ મનાઈ હુકમ આપતી વખતે કોર્ટે તેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ ન્યાયીક રીતે કરવાનો છે.

(૧૩) હાલનાં કામે વાદી તરફે તેમનાં વિ.વ.શ્રી એસ.એન.સાધુ નાઓએ મુખ્યત્વે દાવા અરજી તથા મનાઈ હુકમની અરજીની હકીકતો મુજબ દલીલ કરી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા રીફર કરી વાદીએ દાદ માગેલ છે કે, મોજે વિજાપુર તા.વિજાપુર માં આવેલ સર્વે નં.૨૯૨ અને ૨૯૩ વાળી જમીન વાદીના મૈયત પિતા ભીખાભાઈ મગનભાઈ સથવારા નાઓ ને ગણોતધારા અન્વયે તા.૧૫/૧૨/૧૯૬૧ના રોજ થી સોંપવામાં આવેલ હતી તેઓ નુ તા.૦૧/૦૫/૧૯૮૧ ના રોજ અવસાન થતા સદર મિલ્કત વડીલોપાર્જીત વાદીઓની સંયુક્ત ભાગે આવેલ. વાદીનં.૧ ઘરમાં સૌથી મોટા હોય સર્વે નં.૨૯૨ વાળી જમીનમાં ઉત્તરે વાદવાળી દુકાનો બનાવવા સારુ નગરપાલિકા કચેરી વિજાપુરમાં બાંધકામની પરવાનગી તા.૦૧/૧૦/૧૯૮૪ ના રોજ મેળવેલ અને પાંચ દુકાનો અનુક્રમ નં.દુકાન નં.૧/૧૦૯/એ-૬,નં.૧/૧૦૯/એ-૭,નં.૧/૧૦૯/એ-૮,નં.૧/૧૦૯/એ-૯,નં.૧/૧૦૯/એ-૧૦, થી વાદીએ બનાવેલ છે સદર દુકાનો આકામના પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ ને ૩૦ વર્ષ ના કરાર થી વાપરવા માટે આપેલ હોય,સદર કરાર મુજબ ૩૦ વર્ષ નો સમય પુરો થઇગયેલ હોય સદર દુકાનો ખાલી કરી પ્રત્યક્ષ કબજો મેળવવા વાદીઓ એ પ્રતિવાદી નં.૧ થી ૩ ના ઓને જણાવતા પ્રતિવાદીઓ નં. ૧ થી ૩ ના ઓ એ ખાલી કરી આપેલ નહિ.અને વાદી ને જાણવા મળેલ કે આકામના પ્રતિવાદી નં. ૧થી ૩ નાઓ એ પ્રતિવાદી નં.૪ થી ૭ નાઓને વાદ વાળી દુકાનો આપેલ છે તેમજ પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ એ ખોટી અને

ગેરકાયદેસર રીતે વાદ વાળી દુકાનો ની આકારણી માં પોતાનુ નામ દાખલ કરાવેલ છે તેમજ વાદ વાળી મિલ્કતો( દુકાનો ) અન્યને વેંચી દેવાની તજવીજ કરી રહેલ હોય જેથી આકામ ના પ્રતિવાદીઓ વાદ વાળી મિલ્કતો( દુકાનો ) ના રેવન્યુ રેકોર્ડમાં કોઈપણ જાતનો ફેરફાર કરે કરાવે નહી કે દાવા તારીખથી અન્ય કોઇ ઇસમ ને ગીરો,વેચાણ,બક્ષીસ આપે અપાવે નહી તેવો હંગામી મનાઈ હુકમ આપવા માંગણી કરેલ છે.

**(૧૪)** પ્રતિવાદી ઓનાં વિ.વ.શ્રી એમ.એસ.બખરી ધ્વારા આંક-૮ ના લેખિત જવાબ રજુ કરી મૌખિક દલીલો કરી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ રીફર કરી તકરારી મીલ્કતમાં વાદીનો કોઈ હકક, હિત કે અધિકાર છુપાવી, વિલંબથી આવેલ હોય, ચોખ્ખા હાથે આવેલ ન હોય માગ્યા મુજબનો મનાઈ હુકમ મળી શકે તેમ ન હોય વાદીની હાલની અરજી રદ કરવા અરજ કરેલ છે.

**(૧૪.૧)** વાદી તર્ફે નિ.૪/૧ થી સર્વે નં. ૨૯૨ ના સને ૧૯૬૪-૬૫ થી સને ૧૯૭૨-૭૩ સુધીના ગામ નમુના નં ૭/૧૨ ના ઉતારા ની ઝેરોક્ષ,નિ.૪/૨ થી ગામ નમુના નં ૯ ના ઉતારા ની ઝેરોક્ષ ,નિ.૪/૪ થી નકશાની ઝેરોક્ષ,નિ.૪/૭ થી કીરાયા પાવતી ની ઝેરોક્ષ,નિ.૪/૮ થી બ્રહ્માણી સોસાયટી-વિજાપુર ના નકશાની ઝેરોક્ષ રજુ કરેલ છે જે જોતા તેમજ વાદી ધ્વારા દાવાઅરજી મા જે વાદ વાળી દુકાનો વાદવાળી દુકાનો બનાવવા સારુ નગરપાલિકા કચેરી વિજાપુરમાં બાંધકામની પરવાનગી તા.૦૧/૧૦/૧૯૮૪ ના રોજ મેળવેલ અને પાંચ દુકાનો અનુક્રમ નં.દુકાન નં.૧/૧૦૯/એ-૬,નં.૧/૧૦૯/એ-૭,નં.૧/૧૦૯/એ-૮,નં.૧/૧૦૯/એ-૯,નં.૧/૧૦૯/એ-૧૦, થી વાદીએ બનાવેલ હોય તેવુ કાંઇ નિ.૪/૩ ના એન.એ હુકમ ની ની ઝેરોક્ષ થી તેમજ નિ.૪/૫ થી રજુ કરેલ બાંધકામની ચીઠ્ઠી ની ઝેરોક્ષ થી પ્રથમદર્શનીય રીતે સ્પસ્ટ થતુ નથી છે સદર દુકાનો આકામના પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ ને ૩૦ વર્ષ ના કરાર થી વાપરવા માટે આપેલ હોય,સદર કરાર મુજબ ૩૦ વર્ષ નો સમય પુરો થઇગયેલ હોય તેવુ પણ ની ૪/૯ ના દસ્તાવેજ થી પ્રથમદર્શનીય રીતે સ્પસ્ટ થતુ નથી. તેમજ વાદી તકરારી મિલ્કત( દુકાનો નો )વેરો ભરતા હોય તેવો પન કોઇ પ્રથમદર્શનીય આધાર પુરાવો વાદી રજુ કરવામાં નિષ્ળફ રહેલ છે.

**(૧૪.૨)** આ કામે પ્રતિવાદીઓનાં આંક–૮ ના જવાબ, આંક– ૧૯ ના લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. તેમજ નિ. ૧૯/૧ થી સદર વાદગ્રસ્ત મિલ્કત નો સમજુતી કરાર રજુ કરેલ છે જે મુજબ વાદગ્રસ્ત સર્વે નં.૨૯૨,તથા ૨૯૩ વાળી મિલક્ત માથી ૧/૩ ભાગ પ્રતિવાદી ઓના પિતાના ભાગે આવેલ હોવાનુ પ્રથમ દ્રષ્ટીએ જણાવય છે.તેમજ નિ. ૧૯/૩ થી વિજાપુર તાલુકા સીવિલ કોર્ટ મા ચાલતા રે દિ મુ. નં. ૩૧/૨૦૨૧ ની દાવા અરજી ની પ્રમાણીત નકલ તેમજ નિ. ૧૯/૩ થી વિજાપુર તાલુકા સીવિલ કોર્ટ મા ચાલતા રે દિ મુ. નં. ૩૧/૨૦૨૧ ની મનાઈ અરજી ની પ્રમાણીત નકલ રજુ રાખેલ છે તે બતાવે છે કે સદર વાદ વાળી મીલ્કત નો અન્ય એક કેસ ચાલુ હોય ,સદર હકિકત વાદી દ્વારા છુપાવવામાં આવેલ હોય તેવુ સ્પષ્ટ જણાય છે વધુ માં નિ. ૧૯/૨ થી વિજાપુર નગર પાલિકાએ આપેલ તા. ૦૮/૦૭/૨૦૨૧ ના રોજ નો જવાબ ની ઝેરોક્ષ રજુ રાખેલ છે જે મુજબ નં.૧/૧૦૯/એ–૬,નં.૧/૧૦૯/એ–૭,નં.૧/૧૦૯/એ–૮,નં.૧/૧૦૯/એ–૯,નં.૧/૧૦૯/એ–૧૦ વાળી દુકાનો ના બાંધકામ અંગે કોઇ પરવાનગી આપેલ હોય તેવુ પ્રથમ દ્રષ્ટીએ જણાતુ નથી. તેમજ વાદી ધ્વારા રજુ કરેલ નિ.૪/ ૧૪ થી મિલ્કત નં. **10011/9/109/A/6 ના આકારણી પત્રક ની** ઝેરોક્ષ,નિ.૪/ ૧૫ થી મિલ્કત નં. **10011/9/109/A/7 ના આકારણી પત્રક ની** ઝેરોક્ષ,નિ.૪/ ૧૬ થી મિલ્કત નં. **10011/9/109/A/8 ના આકારણી પત્રક ની** ઝેરોક્ષ,નિ.૪/ ૧૭ થી મિલ્કત નં. **10011/9/109/A/9 ના આકારણી પત્રક ની** ઝેરોક્ષ,નિ.૪/ ૧૮ થી મિલ્કત નં. **10011/9/109/A/10 ના આકારણી પત્રક ની** ઝેરોક્ષ જોતા સદર મિલ્કતો આકારણી પત્રકોમાં મા આકામના પ્રતિવાદી નં. ૧ સથવારા અરવિંદભાઈ બબાભાઈ નુ નામ ચાલતુ હોવાનુ પ્રથમ દ્રષ્ટીએ સ્પષ્ટ થાય છે.તેમજ વાદી ના કહેવા મુજબ તકરારી મિલ્કત નો કબજો પણ પ્રતિવાદી ઓ પાસે જ છે.તેથી, વાદીનો દાવો રદ થવાપાત્ર હોઈ, જે તમામ હકીકતો ધ્યાને લઈ વાદીની આંક–૫ ની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

**(૧૫)** પક્ષકારોના પ્લીડીંગ્સ, રજુ થયેલ દસ્તાવેજી પુરાવો તેમજ બંને પક્ષે સાંભળવામાં આવેલ વિ.વ.શ્રી.ઓની દલીલો ધ્યાને લેતા આ કામના વાદીએ રજુ કરેલ

દસ્તાવેજી પુરાવા પરથી એવુ જણાય છે કે, વાદગ્રસ્ત મિલ્કત(દુકાનો) ઉપર આકામ ના પ્રતિવાદી ઓના કબજાભોગવટા મા હાવાનુ જણાય છે તેમજ વાદી પણ સદર હકિકત ને સમર્થન કરે છે આમ તકરારી મીલક્ત ના આકારણી પત્રકમાં પણ આકામ ના પ્રતિવાદી નં-૧નુ નામ ચાલતુ હોવાનુ જણાય છે ત્યારે હાલના તબકકે વાદીનો કોઈ પ્રથમ દર્શનીય કેસ જણાતો નથી. કારણ કે, વાદગ્રસ્ત મિલકત ઉપર વાદી પોતાનો પ્રથમદર્શનીય કેશ સાબિત કરવામાં નિષ્ફળ રહેલી છે, ત્યારે વાદીનો કોઈ પ્રથમ દર્શનીય કેસ ન હોઈ સગવડતાની સમતુલા પણ વાદીના લાભમાં જણાતી નથી. જો વાદી ની તરફેણ માં તકરારી મિલ્કત અંગે મનાઈ હુકમ કરવામાં આવેતો આકામ ના પ્રતિવાદીઓને વાદી કરતા વધુ નાંણાથી ભરપાઈ ન થાય તેવુ નુકશાન જાય તેમ હોય તેવુ અત્રેની અદાલત નુ નમ્રપણે માનવુ છે તેથી ઉપરોકત સમગ્ર ચર્ચાને અંતે મુદા નંબર-૧ થી ૩ ના જવાબ નકારમાં આપી મુદા નંબર-૪ માટે નીચે મુજબના આખરી હુકમ કરવામાં આવે છે.

-**: હુ ક મ:-**

વાદીની **આંક-૫** ની અરજી આથી **નામંજુર** યાને **રદ** કરવામાં આવે છે.

ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

ઠરાવ આજરોજ મારી સહી કરી ખુલ્લા ન્યાયાલયમાં જાહેર કર્યો.

**તા. ૩૧/૦૧/૨૦૨૩**
**વિજાપુર**

**(અમિતકુમાર કિરીટભાઈ શાહ )**
**બીજા એડીશ્નલ સીવીલ જજ,**
**વિજાપુર**
**કોડ નં.જીજે૦૧૨૬૬**